# મારા નામે કેમ નહીં



વિક્રમ સંવતનું બેસતું વરસ હતું. મોગલ શહેનશાહ જલાલુદ્દીન અકબર દરબારહોલમાં દિલ્હી શહેરના શ્રેષ્ઠીઓ, મંત્રીઓ, સીપેહસાલારોને નવા વરસની મુબારકબાદી શુભેચ્છા પાઠવતા હતા ત્યારે તેમના મનમાં અચાનક પ્રશ્ન ઉદ્દભવ્યો. ઉજ્જૈન રાજવી વિક્રમાદિત્યના નામે "સંવત" ચાલે છે તો મારા નામે કેમ નહીં?

"બીરબલ... બી...ર...બ...લ.."

"જી...જી... હુજુર... ફરમાવો..."

"બીરબલ હું હિન્દુસ્તાનનો બાદશાહ. એકચક્રી રાજ. સારા દેશમાં મોગલ સલ્તનતની આણ. તેમ છતાં મારા નામે સંવત ના ચાલે. વિક્રમાદિત્યના નામે ચાલે. આનું કારણ શોધો."

"જહાંપનાહ ઉત્તર તો શો આપું પણ એક વારતા સંભળાવું છું. શાયદ તમને આનો જવાબ મળે."

"સંભળાવો બીરબલ..."

"જહાંપનાહ, ઉજ્જૈન નરેશ વિક્રમાદિત્ય ફતેહ મેળવી રાજધાની તરફ પાછા વળતા હતા. ત્યારે રસ્તામાં એક ગામે એક વૃદ્ધ માણસ ખેતરમાં ખોદકામ કરી રહ્યો હતો. વિક્રમાદિત્યે વૃદ્ધને જોતાં પૂછ્યું. "ધોમધખતા તાપમાં પરસેવે રેબઝેબ કેમ કામ કરી રહ્યા છો? આ કામ કરવાની તમારી ઉંમર નથી. મને દયા આવે છે તમારી પર. બોલો હું શું સેવા કરું આપની?"

"હે મુસાફર, તમારા લાગણીસભર શબ્દો મને સારા લાગ્યા. ધન્યવાદ. રસ્તે જતો યાત્રિક શું સેવા કરી શકશે. તંગ બાંધેલા જીને હાંફતા હાંફતા ઘોડાને જોતાં જણાય છે કે તમે ઘણે દૂરથી આવી રહ્યા છો ને હજુ ઘણે દૂર તમારે જવાનું છે. તમે સુખેથી જઈ શકો છો. આ ગરીબી થોડી એક દિવસની છે. તમારા પાંચ-દસ રૂપિયે થોડી કપાવાની છે? એ તો ભગવાનના કાપે કપાશે!"

"તમે સાચું કહો છો. મનુષ્ય, મનુષ્યને શું મદદ કરી શકવાનો છે. છતાં તેનું કર્તવ્ય તો છે જ. યથાશક્તિ તેણે મદદ તો કરવી જોઈએ જ. મને તમારી સેવા કરવાનો મોકો આપો. " આટલું કહેતાં જીને બાંધેલ હાંડી સંદૂક અને થેલીને એક પછી એક છોડી વિક્રમાદિત્યે વૃદ્ધને જણાવ્યું,

"બાબા આ થેલીમાં તમે હાથ નાખી જોઈએ તેટલી વાર ચાહો તેટલા રૂપિયા મેળવી શકો છો. આ 'સંદૂક'માંથી જરઝવેરાત અને સોનું એ જ રીતે પ્રાપ્ત કરી શકશો. "હાંડી"માંથી ઈચ્છો તેટલીવાર ભોજન પકવાન મળશે. ને ચોથો મારો ઘોડો જેની પાસે હશે તે રાજ્યમાં બધી જ જગ્યાએ માનપાન પામશે. બોલો આમાંથી કોઈ એક ચીજ પસંદ કરી તમારે ઘેર લઈ જઈ શકો છો."

થોડી વાર વિચાર કરી વૃદ્ધે કહ્યું "હે ભાઈ, આજ્ઞા હોય તો મારા ઘરવાળાઓની પસંદગી પૂછી આવું?"

"અવશ્ય તમે એમ કરી શકો છો..."

વૃદ્ધ પાછો આવી જણાવે છે, "મહારાજ એક પણ ચીજ અમારે જોઈતી નથી."

"કેમ શું થયું? શી વાત બની?"

"મહારાજ શું કહું તમને. કુટુંબમાં અમે ચાર વ્યક્તિઓ. હું અને મારી પત્ની, દીકરો અને તેની પત્ની. તમે બતાવેલ ચારેય ચીજમાંથી કોઈ એક પસંદ કરવા જણાવ્યું. ત્યારે મારી પત્ની "હાંડી", પુત્ર "ઘોડો" માંગે છે. પુત્રવધૂ "સંદૂક" અને હું "થેલી" ઈચ્છું છું. ધર્મસંકટમાં મૂકાઈ ગયો છું. કોઈ એક લઈ જઈશ તો બીજા ત્રણને દુ:ખ થાય. એના કરતાં ન માગું એ જ સારો ઉપાય છે. અમે ગરીબીને જ લાયક છીએ. ગરીબને વળી પસંદગી કે ના પસંદગી કેવી?"

"ઓ...હ આટલી વાતે મૂંઝાઈ ગયા તો આ ચારે વસ્તુઓ તમારે ઘેર લઈ જાવ, જેને જે પસંદ હોય તે આપી ખુશ કરો." વિક્રમાદિત્યે ઘોડાની લગામ વૃદ્ધને સોંપતાં જણાવ્યું.

અકબર બાદશાહ વાત સાંભળી દિગ્મૂઢ બની ગયા.

બાદશાહ સલામત, વિક્રમાદિત્ય અને તમારામાં આટલો જ ફરક છે. આ ફરક હશે ત્યાં સુધી તમારા નામે "સંવત" ના ચાલે." બીરબલે વારતા પૂર્ણ કરતાં જણાવ્યું.

લેખક: રશિદ મુનશી